Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## :: પરિપત્ર ::

યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, સ્વનિર્ભર અભ્યાસક્રમના કો–ઓર્ડિનેટરશ્રીઓ અને યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટી પરીસરમાં તથા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમોમાં યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતા અધ્યાપકોની નિમણૂંકનાં બહાલી પત્રમાં વિષયનો સ્પષ્ટ ઉલ્લેખ કરવા સંદર્ભમાં કોમ્પ્યુટર સાયન્સ ફેકલ્ટીનાં ડીનશ્રીના તા.૨૮/૦૭/૨૦૨૧ના ઈ–મેઈલ પત્ર પર વિચારણા કરતા એકેડેમિક કાઉન્સિલ તા.૩૧/૦૭/૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૦ થી કરેલ ભલામણને સિન્ડિકેટ તા. ૨૯/૦૯/૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૪૪થી સદર ભલામણનો યથાવત સ્વીકાર કરેલ છે. તદઅનુસાર નીચે મુજબ કાર્યવાહી કરવા આથી જાણ કરવામાં આવે છે.

યુનિવર્સિટી પરીસરમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો/ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમોમાં અધ્યાપકની નિમણૂંકને યુનિવર્સિટી દ્વારા બહાલી આપવામાં આવે છે તે પત્રમાં વિષયનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો જરૂરી છે. તેમજ જો કોઈ સંજોગોમાં જે તે અભ્યાસક્રમ બંધ થાય અથવા ટ્રસ્ટ/ યુનિવર્સિટી દ્વારા વિભાગો કે કોલેજને મર્જર કરવામાં આવે તેવા સંજોગોમાં વિષયવાર કેમ્પસ સિનિયોરીટી ને ધ્યાને લેવાની રહેશે.

વધુમાં ઉપરોકત જોગવાઈ હાલ કાર્યરત અધ્યાપકો તેમજ ભવિષ્યમાં નિમણૂંક પામનાર અધ્યાપકો માટે લાગુ પાડવામાં આવેલ છે. આ પરિસ્થિતિમાં હાલમાં કાર્યરત અધ્યાપકોના નિમણૂંક અંગેના બહાલીપત્રમાં જયાં જરૂર જણાય ત્યાં જરૂરી ફેરફાર કરી પુનઃ જે તે નિમણૂંક તારીખથી નવા બહાલીપત્ર આપવાનાં રહેશે.

ઉપરોકત ઠરાવ અંતર્ગત યુનિવર્સિટી કાર્યાલય દ્વારા અધ્યાપકોની નિમણૂંક માટે બહાલી જે તે સંસ્થાની સ્વનિર્ભર કોલેજોના જે તે વિષય માટે આપવામાં આવશે અને સંસ્થાએ પણ અધ્યાપકને જે તે વિષયના અધ્યાપક તરીકેની નિમણૂંક આપવાની રહેશે.

ક્રમાંકઃ એસ/માન્યતા/ પરિપત્ર/૧૬૦૯૪/ ૨૦૨૧

તા.૧૬–૧૦–૨૦૨૧

ઈ.ચા.કુલસચિવ

નકલ રવાના... ...જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ.

(૧) યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ
(૨) સ્વનિર્ભર અભ્યાસક્રમના કો–ઓર્ડિનેટરશ્રીઓ
(૩) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ
(૪) નાયબ કુલસચિવ, વહીવટી વિભાગ, વી.ન.દ.ગુ.યુ., સુરત
(૫) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વી.ન.દ.ગુ.યુ., સુરત